**GJSR120003942017**

**CRMA J: 19/2017**

**આંક-01 લગત હુકમ**

1. અરજદારે હાલની અરજી આ કામના સામાવાળાઓ વિરુદ્ધ ઇ.પી.કો. કલમ 392, 427 તેમજ 506(2) મુજબ ગુનો દાખલ કરવા માટે કરેલી છે.

2. હાલની અરજી કરી અરજદાર દ્વારા જણાવવામાં આવેલ ટુંકમાં હકીકત નીચે મુજબ છે:

   a. અરજદાર પોતાની માલિકીની ટ્રક જેનો રજી. નં. RJ-46-GJ-0499નો છે તે ચલાવી ટ્રાન્સપોર્ટનો ધંધો કરે છે. સદર ટ્રક અરજદારે કોટક મહિન્દ્રા બેંકમાંથી લોન મેળવી ખરીદ કરેલ હતો.

   b. અરજીમાં જણવેલ હકીકત મુજબ કોટક મહિન્દ્રા બેંકના મેનેજર તથા અન્ય વ્યક્તિએ તા. 21/09/2016ના રોજ અરજદારને ફોન કરીને રૂ. 50,000/- રોકડ બેંકમાં જમાં કરાવવા જણાવેલ. જેથી અરજદારે જમાં કરાવેલા. ત્યારબાદ તા. 21/09/2016ના રોજ બપોરે 12:00 વાગ્યે કડોદરા ગાડી ઉભી હતી ત્યારે બેંકના રિકવરી એજન્ટ આવીને અરજદારની ગાડી તથા અરજદારની સોનાની ચેઇન લૂંટી લઈ ગયેલ હતા.

   c. વધુમાં, અરજદાર જણાવે છે કે હાલ તેઓની ગાડી સોહન ડુંડી ચલાવે છે તથા તેઓ આ ગાડી પોતાના નામે ટ્રાન્સફર કરવાની પેરવી કરી રહ્યા છે. જેથી અરજદારે હાલની અરજી કરી પોલીસ તપાસની માંગ કરી તેમની ગાડી તેમને પરત અપવવા હાલની અરજી કરેલ છે. અરજદારના જણાવ્યા મુજબ સદર ગાડીથી તેઓ મહિને રૂ. 1 લાખ સુધીની આવક મેળવે છે તથા ગાડીના લોન અન્વયે રૂ. 31,133/- નો માસિક હપ્તો ભરે છે.

   d. આમ, અરજદારે હાલની અરજી દ્વારા આ કામના સામાવાળાઓએ અરજદાર પાસેથી પોતાની ટ્રક લૂંટી લઇ, જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય, જેથી સદર બાબતે પોલીસ ફરિયાદનો આદેશ આપી તપાસ કરાવવા દાદ માંગેલ છે.

3. સદર અરજી અન્વયે મારા પુરોગામી ન્યાયાધીશ દ્વારા તા. 14/02/2017ના રોજ અરજીને રજીસ્ટરે લેવાનો હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ તા. 10/05/2017ના

રોજ વધુ હુકમ કરી સી.આર.પી.સી. કલમ 210 મુજબ પોલીસ રિપોર્ટ મંગાવવાનો હુકમ કરેલ.

a. અરજદારે પોતાની અરજી સાથે પુરાવા રજૂ રાખેલ છે, જે લગત અરજદાર દ્વારા પોલીસ કમિશનર, સુરતને આપેલ અરજી તથા આર.ટી.ઓ., ભિન્માલ, રાજસ્થાનને આપેલ અરજીઓ તથા સદર ટ્રકના સર્વિસની ઇન્વોઇસ અને વીમા પોલિસી રજૂ રાખેલ છે.

4. આ કામે મારા પુરોગામી ન્યાયાધીશ દ્વારા પોલીસ રિપોર્ટ મંગાવવાનો હુકમ કરેલ જે અન્વયે વારંવાર પોલીસ રિપોર્ટ મંગાવ્યો યાદી અત્રેની અદાલત દ્વારા કરવામાં આવેલ, પરંતુ અરજીનું સંપૂર્ણ રેકર્ડ તપાસતા કોઈ રિપોર્ટ હોવાનું જણાઈ આવતું નથી.

5. ત્યારબાદ સદર કામે અરજદાર રાજસ્થાનના વતની હોય, તેઓને વારંવાર સુનાવણી માટે અત્રેની અદાલત દ્વારા નોટિસ ઇસ્યુ કરવામાં આવેલી. પરંતુ, સદર નોટિસો અરજદારને બજયે કે વગર બજયે પરત આવેલ નથી તેમજ રોજકામ તપાસતા અરજદાર લાંબા સમયથી અત્રેની અદાલત સમક્ષ હાજર રહેલ નથી. જેથી, સદર અરજી અન્વયે રેકર્ડ પર રજૂ થયેલ દસ્તાવેજો તથા પુરાવાના આધારે હુકમ કરવામાં આવે છે.

6. સદર અરજી તથા અરજી સાથે રજૂ થયેલા દસ્તાવેજો કાળજીપૂર્વક વંચાણે લીધા. અત્રે એ હકીકત નોંધનીય છે કે, અરજદાર દ્વારા હાલની અરજી સી.આર.પી.સી. ની કલમ 156(3) મુજબ સામાવાળા વિરૂદ્ધ એફ.આઈ.આર. દાખલ કરવા માટે કરવામાં આવેલી છે. જે સંજોગોમાં સી.આર.પી.સી.ની કલમ 154 તથા 156 વંચાણે લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે:

> *"**154. Information in cognizable cases.—**(1) Every information relating to the commission of a cognizable offence, if given orally to an officer in charge of a police station, shall be reduced to writing by him or under his direction, and be read over to the informant; and every such information, whether given in writing or reduced to writing as aforesaid, shall be signed by the person giving it, and the substance thereof shall be entered in a book to be kept by such officer in such form as the State Government may prescribe in this behalf:*
>
> *Provided that if the information is given by the woman against whom an offence under section 326A, section 326B, section 354, section 354A, section 354B, section 354C, section 354D, section 376, section 376A, section 376AB, section 376B, section 376C, section 376D, section 376DA, section 376DB, section 376E or section 509 of the Indian Penal Code (45 of 1860)*

*is alleged to have been committed or attempted, then such information shall be recorded, by a woman police officer or any woman officer:*

*Provided further that—*
*(a) in the event that the person against whom an offence under section 354, section 354A, section 354B, section 354C, section 354D, section 376, section 376A, section 376AB, section 376B, section 376C, section 376D, section 376DA, section 376DB, section 376E or section 509 of the Indian Penal Code (45 of 1860) is alleged to have been committed or attempted, is temporarily or permanently mentally or physically disabled, then such information shall be recorded by a police officer, at the residence of the person seeking to report such offence or at a convenient place of such person's choice, in the presence of an interpreter or a special educator, as the case may be;*
*(b) the recording of such information shall be video graphed;*
*(c) the police officer shall get the statement of the person recorded by a Judicial Magistrate under clause (a) of sub-section (5A) of section 164 as soon as possible.*

*(2) A copy of the information as recorded under sub-section (1) shall be given forthwith, free of cost, to the informant.*

*(3) Any person aggrieved by a refusal on the part of an officer in charge of a police station to record the information referred to in sub-section (1) may send the substance of such information, in writing and by post, to the Superintendent of Police concerned who, if satisfied that such information discloses the commission of a cognizable offence, shall either investigate the case himself or direct an investigation to be made by any police officer subordinate to him, in the manner provided by this Code, and such officer shall have all the powers of an officer in charge of the police station in relation to that offence.*

***156. Police officer's power to investigate cognizable case.—****(1) Any officer in charge of a police station may, without the order of a Magistrate, investigate any cognizable case which a Court having jurisdiction over the local area within the limits of such station would have power to inquire into or try under the provisions of Chapter XIII.*

*(2) No proceeding of a police officer in any such case shall at any stage be called in question on the ground that the case was one which such officer was not empowered under this section to investigate.*

*(3) Any Magistrate empowered under section 190 may order such an investigation as above-mentioned."*

7. ઉપરોક્ત કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતા, અરજદાર દ્વારા કલમ સી.આર.પી.સી. કલમ 156(3) ની અરજી કરતા પહેલા કલમ 154(1) તેમજ 154(3) મુજબની જોગવાઈઓનું પાલન કરાયેલું ફરજિયાત છે. પરંતુ, હાલના કામે અરજદારે રજૂ કરેલા દસ્તાવેજોમાં અરજદારે પોલીસ કમિશનર, સુરત ગ્રામ્ય ને અરજી કરેલાનું જણાય છે, પરંતુ પોલીસ ઇન્સ્પેકટરશ્રીને એફ.આઈ.આર. નોંધવા માટે કોઈ અરજી કે ફરિયાદ કરેલ હોય, તેવો કોઈ પુરાવો રેકર્ડ પર રજૂ રાખેલ નથી. જેથી, સી.આર.પી.સી.ની કલમ 154(1) મુજબની જોગવાઈનું પાલન કરેલ હોય તે સાબિત કરતો લેશમાત્ર પુરાવો રેકર્ડ પર રજૂ રાખેલ નથી. વધુમાં, સદર હકીકત બાબતે નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા **પ્રિયંકા શ્રીવાસ્તવ વી. સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ**[1]ના ચુકાદામાં પેરા. 27માં નીચે મુજબનો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે:

*"**27.** In our considered opinion, a stage has come in this country where Section 156(3) Cr.P.C. applications are to be supported by an affidavit duly sworn by the applicant who seeks the invocation of the jurisdiction of the Magistrate. That apart, in an appropriate case, the learned Magistrate would be well advised to verify the truth and also can verify the veracity of the allegations. This affidavit can make the applicant more responsible. We are compelled to say so as such kind of applications are being filed in a routine manner without taking any responsibility whatsoever only to harass certain persons. That apart, it becomes more disturbing and alarming when one tries to pick up people who are passing orders under a statutory provision which can be challenged under the framework of said Act or under Article 226 of the Constitution of India. But it cannot be done to take undue advantage in a criminal court as if somebody is determined to settle the scores. We have already indicated that there has to be prior applications under Section 154(1) and 154(3) while filing a petition under Section 156(3). Both the aspects should be clearly spelt out in the application and necessary documents to that effect shall be filed. The warrant for giving a direction that an the application under Section 156(3) be*

[1] 2015 AIR (SC) 1758

*supported by an affidavit so that the person making the application should be conscious and also endeavour to see that no false affidavit is made. It is because once an affidavit is found to be false, he will be liable for prosecution in accordance with law. This will deter him to casually invoke the authority of the Magistrate under Section 156(3). That apart, we have already stated that the veracity of the same can also be verified by the learned Magistrate, regard being had to the nature of allegations of the case. We are compelled to say so as a number of cases pertaining to fiscal sphere, matrimonial dispute/family disputes, commercial offences, medical negligence cases, corruption cases and the cases where there is abnormal delay/laches in initiating criminal prosecution, as are illustrated in Lalita Kumari are being filed. That apart, the learned Magistrate would also be aware of the delay in lodging of the FIR."*

8. આમ, ઉપરોક્ત ઠરાવેલ સિદ્ધાંત મુજબ અરજદાર દ્વારા મેજિસ્ટ્રેટ સમક્ષ સી.આર.પી.સી. કલમ 156(3) ની અરજી કરતા પહેલા કલમ 154(1) અને કલમ 154(3) મુજબની દાદ પરિપૂર્ણ કરેલી હોવી જરૂરી છે. તેમજ તે સંદર્ભે સમકક્ષ અધિકારી દ્વારા અરજદારની ફરિયાદ રજીસ્ટરે ન લીધા હોવા બાબતે એફિડેવિટ પોતાની કોર્ટ રૂબરૂ અરજી સાથે રજૂ કરવી ફરજિયાત છે. હાલના કેસમાં અરજદારે પોલીસ ઇન્સ્પેકટરશ્રી ને કોઈ અરજી કે ફરિયાદ કરી હોય તેવું બનેલ નથી, જે આ કામનું રેકર્ડ જોતા ફલિત થાય છે.

9. વધુમાં, અરજદારની અરજી જોવા એ હકીકત નિર્વિવાદ છે કે, અરજદાર જે ટ્રક પરત મેળવવા માટે હાલની અરજી કરેલ છે તે ટ્રક પર અરજદારે લોન લીધેલ હતી. વધુમાં અરજદાર જણાવે છે કે તેઓ નિયમિત રીતે લોનના હપ્તા બેંકમાં ભારત હતા. પરંતુ અરજદાર દ્વારા આ હકીકત પુરવાર કરતો લેશમાત્ર પુરાવો રેકર્ડ પર રજૂ રાખેલ નથી. અરજદારે હાલની અરજીમાં કોટક મહિન્દ્રા બેંકના રિકવરી એજન્ટ દ્વારા અરજદારની ગાડી તથા સોનાની ચેઇન લૂંટી ગયેલા નો આક્ષેપ છે, તે સંજોગોમાં અરજદાર જો નિયમિત રીતે પોતાના લોનના હપ્તા ભરતા હોય, તો તેઓ દ્વારા લોન સ્ટેટમેન્ટ રેકર્ડ પર રજૂ રાખવું હિતાવહ તેમજ પોતાનો કેસ પુરવાર કરવા આવશ્યક હતું. પરંતુ અરજદાર દ્વારા પોતાની લોન અંગેના કોઈ દસ્તાવેજો આ કામે રજૂ રાખેલ નથી.

10. વધુમાં, અરજદાર જે ટ્રકની માલિકીની વાત કરે છે, તે ટ્રકની આર.સી. બુકની નકલ કે આર.ટી.ઓ. પાવતી, વિગેરે કોઈ દસ્તાવેજ હાલના કામે રજૂ રાખેલ નથી. આ સંજોગોમાં અરજદારે જણાવેલી હકીકતો પર વિશ્વાસ કરવો યોગ્ય જણાય આવતો નથી.

11. જેથી, ઉપરોકત અરજીની હકીકતો ચકાસતા કોઈ કોગનીઝેબલ ફોજદારી ગુનો બનતો ન હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે.

12. આમ, ઉપરોક્ત કરેલ તમામ ચર્ચા તેમજ સંજોગો ધ્યાને લેતા આ કામના સામાવાળાઓ દ્વારા કોઈ કોગનીઝેબ્લ ગુનો કરેલાનું પ્રથમ દર્શનીય જણાઈ આવતું નથી, તેમજ અરજદાર દ્વારા સી.આર.પી.સી.ની કલમ 154 મુજબની જોગવાઈનું પાલન કરેલ નથી. જેથી હાલની અરજી ટકવાપાત્ર ન હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે:

**હુ ક મ**

1. હાલની અરજી આથી **રદ્દ** કરવામાં આવે છે.
2. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તારીખ 07મી, માર્ચ માહે, સને 2026 ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: 07/03/2026
સ્થળ: કઠોર

**(સ્વપ્નિલ કે. ફટાણીયા)**
જ્યુડી. મેજી.ફ.ક., કઠોર
Judge Code - GJ01769